



પાટનગરના ખુલ્લા માર્ગો અકસ્માતોને નોંતરી રહ્યા હોય તેમ દિન પ્રતિદિન અકસ્માતોનો ગ્રાફ ચઢતો નજરે પડયો છે. શહેરના 'ઘ' માર્ગ પર ૨૪ કલાકમાં જ ઘ-૪ થી ઘ-૫ વચ્ચેના માર્ગ પર કાર અને બાઈક વચ્ચે અકસ્માતનો બનાવ બનવા પામ્યો છે ત્યારે ટ્રાફિક નિયમનનો ભંગ કરી ઝડપી ચલાવતા વાહન ચાલકો સામે તંત્ર લાલ આંખ કરે તેમ શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

# ફાર્મ હાઉસમાં ડી.જે. નાઈટ ગોઠવતા પહેલાં પોલીસની મંજૂરી લેવી પડશે

## થર્ટી ફર્સ્ટને દિવસે પણ પોલીસ સ્થળ ચેકીંગ કરશે

## એક પણ સ્થળે મહેફીલ ન થાય તે માટેનું આયોજન

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લામાં અને ખાસ કરીને કલોલ તથા અડાલજ પાસેના ફાર્મ હાઉસોમાં થર્ટી ફર્સ્ટની નાઈટમાં યોજાતા ડી.જે. મસ્તીનાં પ્રોગ્રામોમાં દારૂની મહેફીલો થતી હોય છે જેને પગલે આ વખતે એક પણ સ્થળે મહેફીલો ન યોજાય તે માટેનું આયોજન જિલ્લા પોલિસ દ્વારા કરી દેવાયું છે. ડી.જે. નાઈટના તમામ આયોજકે પોલીસ પાસેથી અગાઉથી મંજુરી લઈ લેવી પડશે. મંજુરી વગર ડી.જે. નાઈટ યોજનાર વિરૂધ્ધ કાયદેસરના પગલા ભરવામાં આવશે. તે ઉપરાંત પોલીસ થર્ટી ફર્સ્ટને દિવસે પણ ફાર્મ હાઉસમાં આકસ્મિક ચેકીંગ કરી કયાંય શરાબ-શબાબની વ્યવસ્થાઓ થઈ ન જાય તેનું ધ્યાન રખાશે.

થર્ટી ફર્સ્ટ ન્યુ યર પાર્ટીને રંગીન બનાવવા માટે ડાન્સ મસ્તી ઉપરાંત શરાબની મહેફીલો અમદાવાદને અડીને આવેલા ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા તથા અડાલજ સહીતના વિસ્તારોના ફાર્મ હાઉસમાં થતી હોવાના કિસ્સાઓ છે ત્યારે આ થર્ટી ફર્સ્ટમાં કોઈ ફાર્મ હાઉસમાં શરાબની મહેફીલો મણાઈ ન જાય તે માટે જિલ્લા પોલીસે અત્યારથી ડી.જે. નાઈટનું આયોજન કરતાં ફાર્મ હાઉસના માલિકો તથા આયોજકોને નોટીસ ફટકારી દીધી છે. આયોજકોએ ડી.જે. નાઈટની મંજુરી અગાઉથી જ પોલીસ પાસેથી લઈ લેવી પડશે. જો મંજુરી વગર કોઈ આયોજક ડી.જે. નાઈટનું આયોજન કરશે તો તેના વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ડી.જે. નાઈટ પહેલા આવેલી અરજીઓના સ્થળે પોલીસ થર્ટી ફર્સ્ટે આકસ્મિક ચેકીંગ પણ કરશે અને મહેફીલોની સામગ્રી દેખાશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે.

# વાઈબ્રન્ટ સમિટ પૂર્વે સ્વર્ણિમ પાર્કનો નઝારો બદલાશે

## ચિલ્ડ્રન પાર્ક, ફૂડ કોર્ટ, લોન સહિત પ્લાન્ટેશનનું કામ પૂર્ણ કરવા તંત્રની દોડધામ

ગાંધીનગર, તા.૨૬

શહેરના હાર્દસમા



વિસ્તારમાં નિર્માણ પામતા સ્વર્ણિમ પાર્કને નિખારવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આગામી મહિનામાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી લેન્ડ સ્કેપીંગ સહિતનું કામ ગણતરીના દિવસોમાં પૂર્ણ કરવા યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન સ્વર્ણિમ પાર્કમાં ચિલ્ડ્રન પ્લાઝા, ફૂડકોર્ટ, હરિયાળી લોન સહિત વૈવિધ્યસભર પ્લાન્ટેશનથી સ્વર્ણિમ પાર્કનો નઝારો બદલાઈ જશે. વાઈબ્રન્ટ સમિટ નજીકમાં છે ત્યારે કામગીરી સમયસર પૂર્ણ કરવા તંત્રના અધિકારીઓએ સુપરવિઝન તેજ બનાવી દીધું છે.

શહેરના મધ્ય વિસ્તારમાં આકાર લેતી સ્વર્ણિમ પાર્કની મહત્વાકાંક્ષી યોજનાને લઈ બીજા તબક્કાની કામગીરી ઝડપથી ચાલી રહી છે. ઘ-૪થી મહાત્મા મંદિર સુધીના વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કને અનુલક્ષી પ્રથમ તબક્કામાં માર્ગ-ફૂટપાથ તેમજ લાઈટીંગનું કામ હાથ ધરાયું હતું. પ્રથમ તબક્કામાં અંદાજિત રૂ. ૩૩ કરોડનો ખર્ચ થયો હતો. જયારે બીજા તબક્કાના આખરી આયોજનના અંતે સ્વર્ણિમ પાર્કને નિખારવા નીત નવા આકર્ષણો ઉભા કરવામાં આવશે. લેન્ડ સ્કેપીંગ સંદર્ભે નિષ્ણાંતો દ્વારા તૈયાર કરાયેલી વિવિધ ડિઝાઈનનું ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેની ડિઝાઈન આખરી કરવામાં આવી હતી. હાલ સ્વર્ણિમ પાર્કમાં લેન્ડ સ્કેપીંગની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે મોટાભાગનું કામ પૂર્ણ કરવા અગાઉ નિર્ણય લેવાયો હતો. જેને અનુલક્ષી હવે ગણતરીના દિવસો જ બાકી હોવાથી તંત્રના અધિકારીઓના સુપરવિઝન વચ્ચે કામગીરી તેજ ગતિએ હાથ ધરવામાં આવી છે. સ્વર્ણિમ પાર્કમાં લેન્ડ સ્કેપીંગ અન્વયે ચિલ્ડ્રન પ્લાઝા, એકસરસાઈઝ પ્લાઝા, ફૂડકોર્ટ, ફાઉન્ટેઈન, ભૂલભૂલૈયા, સહિત હરિયાળી લોન નિખારવાનું કામ હાથ ધરાયું છે.

રૂ. ૧૯ કરોડના ખર્ચને મંજુરી અપાયા બાદ હાથ ધરાયેલ બીજા તબક્કાના મોટાભાગના કામનો હિસ્સો વાઈબ્રન્ટ સમિટ પૂર્વે પૂર્ણ કરી દેવાના પ્રયાસો હાથ ધરાયા છે. આ ઉપરાંત મહાત્મા મંદિરને અનુલક્ષી ભવ્ય સોલ્ટ માઉન્ટ પાર્ક બનાવવાનું કામ પણ ચાલી રહ્યું છે. સોલ્ટ માઉન્ટ ફરતે વોટર બોડીનું આકર્ષણ પણ ઉભું કરવામાં આવશે. જયારે સ્લોપીંગ ગાર્ડન બનાવવાનું કામ પણ હાથ ધરવામાં આવનાર છે. પ્રથમ તબક્કામાં કન્વેનશન વોલ બનાવાયા બાદ ફૂડકોર્ટ અને ફોટો ગેલેરીનું કામ પણ ચાલુ છે. ૧૫ મજલાની ઉંચાઈ ધરાવતા સોલ્ટ માઉન્ટ ફરતે પબ્લીક ફરી શકે તે મુજબનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધી ગાર્ડન સહિત સ્વર્ણિમ પાર્કના ઉદ્યાનને નયનરમ્ય બનાવવા પણ અંદાજિત રૂ. ૧.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. સ્વર્ણિમ પાર્કને હરિયાળો બનાવવા લોન ઉપરાંત ૧૦ હજાર જેટલા આકર્ષક રોપાઓનું વાવેતર પણ કરાશે. ૫ થી ૬ હેકટરના આ વિસ્તારમાં વોટરબોડીના આકર્ષણ વચ્ચે એકઝોરા, ઈડ્રોમા, નિકોટરીયા સહિતના રંગબેરંગી રોપાઓથી સ્વર્ણિમપાર્કની રોનક નિખરશે. વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૩ને અનુલક્ષી શહેરના પ્રવેશદ્વારથી લઈને તમામ માર્ગોની કોસ્મેટીક ટ્રીટમેન્ટ હાથ ધરાઈ છે જયારે વાઈબ્રન્ટ સમિટ મહાત્મા મંદિરમાં યોજાવાની છે. આવા સંજોગોમાં સ્વર્ણિમ પાર્કની બીજા તબક્કાની કામગીરી સમિટ પૂર્વે આટોપી લેવા તંત્રની દોડધામ વધી છે.



# પી.કે. ચૌધરી મહિલા કૉલેજમાં લાઈબ્રેરીનો 'ડિસ્પેશ' સોફ્ટવેર સેમિનાર સંપન્ન

ગાંધીનગર, તા. ૨૭

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં યુ.જી.સી. અંતર્ગત 'બિલ્ડિંગ' ડીમીટલ લાઈબ્રેરી યુઝીંગ ડીસ્પેશ વિષય પર નેશનલ વર્કશૉપ યોજાયો હતો. ઉદ્ઘાટન બેઠકમાં શૈલેષ યાત્રિકે બીજરૂપ વકતવ્ય આપતાં ઈન્ટરનેટના ઉપયોગો અને જરૂરિયાત વિષે વાત કરી હતી. સ્વાગત પ્રવચન આચાર્ય ડૉ. ઉર્મિલાબહેન ચૌધરી એ કરેલ. ગ્રંથપાલ વિદ્યાર્થી અધ્યાપક કે અન્ય ઉપયોગકર્તાને પ્રાપ્ત પુસ્તક સાથે વિશ્વમાં પ્રાપ્ત પુસ્તકને ગ્રંથપાલ દ્વારા પ્રાપ્ય બનાવી શકાય તે માટેના સોફ્ટવેરની કાર્યશાળાનું આયોજન કરેલ છે.

પ્રથમ સત્રમાં ડૉ. ગાયત્રી ડૉકટરે સોફ્ટવેરની જરૂરિયાત વિષે વાત કરી હતી. તે અંગેની જાણકારી આપી હતી. સ્કૂલ ઑફ પેટ્રોલિયમ મેનેજમેન્ટના ભરત ચૌધરીએ સોફ્ટવેરના ઈન્સ્ટોલમેટ વિષે વાત કરી હતી. મલ્લિકાર્જુન દોરા, હાર્દિક મિશ્રાએ જાણકારી આપી હતી.

અખિલ આંજણા કેળવણીના ડાહ્યાભાઈ ચૌધરી, કમલભાઈ ચૌધરીની ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમના આયોજનમાં પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના ગ્રંથપાલ પ્રકાશભાઈ ચૌધરી, પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી આસિ. ગ્રંથપાલ ભરતભાઈ ચૌધરીએ જહેમત ઉઠાવી હતી.

# લાયન વટવા યુ. એન. મહેતા આઈ હૉસ્પિટલમાં રક્તદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૭

લાયન્સ કલબ ઑફ વટવા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત લાયન વટવા યુ એન મહેતા આઈ હોસ્પિટલની દશાબ્દિ પર્વની ઉજવણી નિમિત્તે વટવા ખાતે સર્વરોગ નિદાન કેમ્પ અને રક્તદાન કેમ્પ યોજાયા હતા.

સર્વરોગ નિદાન કેમ્પ અને રક્તદાન કેમ્પના ઉદ્ઘાટન પ્રસંગે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી મગનભાઈ પટેલે દીપ પ્રાગટ્ય કરી હોમગાર્ડ્સના જવાનોને રક્તદાન કરવા અભિનંદન પાઠવ્યા અને સમાજહિત માટે ઉત્તમ સેવાકાર્ય કર્યું છે તે બાબતે સંબોધ્યા હતા. કેમ્પમાં આશરે ૭૦૦ જેટલી વ્યક્તિઓની શારીરિક તપાસ કરી દર્દીઓની વિનામૂલ્યે દવા આપવામાં આવી હતી અને મોતીયાના ઓપરેશનો કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગ્રીન એનવાયર્નમેન્ટ સોસાયટી સંસ્થા, વટવાના ચેરમેન શંકરભાઈ પટેલ આવી સામાજિક પ્રવૃત્તિથી ખૂબ જ પ્રભાવિત થયા હતા અને હૉસ્પિટલને ઉપયોગી સાધનો લાવવા માટે મદદરૂપ બનવા ખાતરી આપી હતી. કેમ્પમાં વટવા ઈન્ડસ્ટ્રીયલ એસો.ના પ્રમુખ મિહીર પટેલ, પૂર્વ પ્રમુખ કિરીટ પટેલ, હોસ્પિટલ સંચાલન સમિતીના કન્વીનર મધુભાઈ શુક્લ, ભારત લોક સેવા સમિતી ટ્રસ્ટના સ્થાપક ડૉ. ગર્ગ શુક્લ અને ભારતીબેન ગર્ગ, હોમગાર્ડ્સ ડિવીઝનલ કમાન્ડર દેવેન્દ્ર પટેલ, સંસ્થાના ટ્રસ્ટી સુમંતિલાલ દોશી, કે ડી પટેલ અને લાયન્સ કલબના મંત્રી શૈલેષ જોષી, ખજાનચી નટવરભાઈ હીરપરા, નારણભાઈ ફુલેત્રા, પ્રભુદાસભાઈ સેખલીયા, અનલ અમૃતભાઈ પટેલ, પ્રભુદાસભાઈ ભાલોડીયા સહિત અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહી પોતાનું યોગદાન આપ્યું હતું.



## આજે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

માર્ગ અકસ્માતનો ભોગ બનેલા સ્વ. હેમ સુગતભાઈ પરમાર અને સ્વ. અર્ચનાબેન સુગતભાઈ પરમારના શ્રેયાર્થે તા. ૨૮મી ડિસેમ્બર ને શુક્રવારે બપોરે બે કલાકે ભગીરથ ટેનામેન્ટ, કેના બંગલોઝ પાછળ, કોટેશ્વર રોડ, મોટેરા ખાતે લોક સાહિત્યકાર અને કથાકાર કન્હૈયાલાલ મહારાજની વ્યાસપીઠે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે. સર્વ ભાવિક ભક્તજનોને કથા પાઠનો લાભ લેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આજે લિમ્બચ માતાજી મંદિરે પૂનમ નિમિત્તે આરતી પ્રસાદ યોજાશે

ગાંધીનગર, તા.૨૭

પ્રેરણા પ્રગતિ મંડળ ગાંધીનગરના ટ્રસ્ટી ભરતભાઈ સૂર્યાવાલાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આજે તા. ૨૮મી ડિસેમ્બરે પૂનમ હોવાથી લિમ્બચ માતાજી મંદિર, ગાંધીનગર ખાતે સાંજે ૬.૧૫ કલાકે આરતી અને નરેન્દ્રભાઈ નાયી અને મહેન્દ્રભાઈ શર્મા તરફથી પ્રસાદી ધરાવવામાં આવશે. માતાજીના પ્રસંગે સૌ સ્વજનોને સમયસર પધારવા ખાસ જણાવાયું છે.

## દુ:ખદ અવસાન

પ્રવાસન નિગમ ગાંધીનગરના કર્મચારી ભરત જે. ઠાકરના માતૃશ્રી ચંદનબેન ઠાકરનો તા. ૨૪મી ડિસેમ્બરે સ્વર્ગવાસ થયો હતો. સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૯મી ડિસેમ્બર ૨૦૧૨ના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાકે પ્લોટ નં. ૪૬૮, બી, રંગમંચ, સેકટર-૮, ગાંધીનગર ખાતે યોજાશે જેની સગા સ્નેહીઓએ નોંધ લેવી.



કેબીનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે કાર્યભાર સંભાળતા શુભેચ્છકો અને અધિકારીઓએ તેમને પુષ્પગુચ્છ આપીને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગાંધીનગર જિલ્લા રંગ અવધૂત પરિવાર દિવા બેટ ખાતેના દત્ત યજ્ઞમાં જોડાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના રંગ અવધૂત પરિવારજનો આગામી ૩જી જાન્યુઆરીથી નારેશ્વર દિવા બેટ ખાતે દત્ત ભક્તિવંદન કાર્યક્રમમાં જોડાશે.

ગાંધીનગર જિલ્લા શ્રી રંગ અવધૂત પરિવાર દહેગામના પ્રમુખ પુનમભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગુજરાતના નૈમિષારણ્ય એવા નારેશ્વર પાસે આવેલા નર્મદા તટના સાત બેટ પૈકી એક દિવા બેટ સ્થળે પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ તેમજ તેમના ગુરુ વાસુદેવાનંદ સરસ્વતી મહારાજની તપોભૂમિ ખાતે તા. ૩જી જાન્યુઆરીથી ૭મી જાન્યુઆરી સુધી અખંડ શ્રી ગુરુલીલામૃત પારાયણ, અનુષ્ઠાન, અખંડ દત્તનામ સંકીર્તન, સંપુટીત દત્તબાવની અનુષ્ઠાન યજ્ઞ યોજાશે. જેમાં ગાંધીનગર જિલ્લા રંગ અવધૂત પરિવારના ગાંધીનગર, દહેગામ, મગોડી, હાથીજણ, વિજાપુર પરિવારના ભક્તજનો સમગ્ર ભક્તિવંદના કાર્યક્રમમાં જોડાશે.

# છોત્તેર પરગણા ગુરૂ બ્રાહ્મણ પરિવારનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

ડભોડા ખાતેનાં 'નર્મદા ફાર્મ'માં છોત્તેર પરગણા ગુરૂ બ્રાહ્મણ સમાજ પ્રગતિ મંડળના ઉપક્રમે સન્માન અને સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. તેજસ્વી વિદ્યાર્થીઓ, વયનિવૃત્ત કર્મીઓ, વિશિષ્ટ પ્રતિભા ધરાવતાં મહાનુભાવોને સન્માનિત કરવામાં આવ્યાં હતા. અધ્યક્ષસ્થાને પ્રગતિમંડળ પ્રમુખ દુષ્યંતભાઈ શ્રીમાળી તથા ઉદ્ઘાટક તરીકે કાશીરામભાઈ શ્રીમાળી, ગુલાબદાસ શ્રીમાળી હતા. કાર્યક્રમમાં મધુબેન શ્રીમાળી, વીણાબેન રાજગોર, ડિરેક્ટર પ્રવિણભાઈ પંડ્યા, કોર્પોરેટર, અશોકભાઈ શ્રીમાળી, ચાડાના સંરપંચ અશોકભાઈ શ્રીમાળી, રિન્કુભાઈ શ્રીમાળી અને ડૉ. મુકેશભાઈ સહિતના મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચન કર્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભાનુભાઈ દવેએ કર્યું હતું. મહામંત્રી ચીમનલાલ રાજગોર, ખજાનચી બાબુલાલ શ્રીમાળી, ગીરીશચંદ્ર વરેછાકર, સુરેન્દ્રભાઈ શ્રીમાળી, મહેશભાઈ શ્રીમાળી વગેરે ભારે જહેમત ઉઠાવી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪

સૂર્યાસ્ત : ૫.૫૪

## તાપમાન

મહત્તમ : ૨૯.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૦.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૨૮ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
દબંગ-૨ : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
દબંગ-૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
દબંગ-૨ : ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :
દબંગ-૨ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
દબંગ -૨ : ૧૦.૦૦, ૧૨.૪૫,૩.૩૦, ૬.૧૫, ૯.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
દબંગ -૨ : ૧૧.૧૫, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
ખેલાડી ૭૮૬ : ૨.૦૦

: સ્ક્રીન-૩ :
દબંગ -૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૧.૦૦

: સ્ક્રીન-૪ :
દબંગ -૨ : ૮.૦૦,૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

દબંગ -૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓ ગૉરી મે તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
દબંગ -૨: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
દબંગ -૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
દબંગ : ૧૧.૩૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

### ચિરાગ, કલોલ

દબંગ -૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : અપરણિતો માટે લગ્નનો પ્રસ્તાવ આવી શકે છે. વ્યાવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય. વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે. કલાત્મક કાર્ય પ્રારંભ થશે.

**વૃષભ** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ થઈ શકે છે. માલ મિલકતના પ્રશ્નો ઉકેલાશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

**મિથુન** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થશે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપો. શત્રુઓથી હાની થવાની સંભાવના છે.

**કર્ક** : જ્ઞાન, શિક્ષણ સંબંધી સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ધાર્મિક લોકો માટે અત્યંત ઉપલબ્ધિ કારક સમય છે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે.

**સિંહ** : વેપાર સંબંધી કર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે.

**કન્યા** : આર્થિક સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિ થશે. રાજકીય સ્ત્રોતથી ધન પ્રાપ્તિ થઈ શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. સંચિત ધન વૃદ્ધિનો યોગ.

**તુલા** : મનોરંજન કલા આમોદ-પ્રમોદના કાર્યોમાં રુચિ જાગૃત થશે. સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ.

**વૃશ્ચિક** : વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં નવીન યોજનાઓનું શ્રીગણેશ થશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે. સામાજિક ક્ષેત્રોમાં પ્રતિષ્ઠાનો યોગ. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ.

**ધન** : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

**મકર** : વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે. આવકનાં સ્ત્રોતોથી લાભ પ્રાપ્ત થશે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે.

**કુંભ** : કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ. લાભનો માર્ગ ખુલ્લો થશે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો. કાર્યની ગતિ બનાવી રાખો. જોખમના કાર્યથી બચવું. ધર્મ, આધ્યાત્મ કાર્યોમાં યાત્રા થશે.

**મીન** : વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવા. રોકાણ વગેરે માટે સમય યોગ્ય નથી. કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે. મનોરંજન. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

## ચિરવિદાય

- સ્વ. દક્ષાબેન નટુભાઈ પટેલ (ઉ.વ. ૪૦) મુ.પો. આલમપુર, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. ડાઈબેન શંકરભાઈ પટેલ (ઉ.વ. ૮૫) મુ.પો. પ્રાંતિયા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. કેશરબેન આપુજી સોલંકી (ઉ.વ. ૬૫) મુ.પો. મહુન્દ્રા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. જીવીબેન બાબુભાઈ પટેલ (ઉ.વ. ૭૫) મુ.પો. મોટા ચિલોડા, તા.,જિ. ગાંધીનગર.